જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૮/૧૧/૨૦૧૪ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૭૪૧/૧૪**

## રિક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી પેસેન્જર ના કિંમતી સામાનની ચોરી કરતી ગેંગનો મુખ્ય સુત્રધાર અનેક ગુનામાં વોન્ટેડ ની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ

ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર ના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે. શર્માં તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને સુચના કરેલ તે અનુસંધાને મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી નાઓના માર્ગદશન અને સુપરવિઝન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.એસ.રઘુવંશી નાઓના સ્કોર્ડ અધિકારી શ્રી કે.જી.ચૌધરી પો.સબ.ઇ. તથા માણસો ગઇ તા- ૦૭/૧૧/૧૪ ના રોજ અમદાવાદ શહેર માં પેટ્રોલીંગ દરમિયાન બાતમી આધારે રિક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી પેસેન્જર ના કિંમતી સામાનની ચોરી કરતી ગેંગનો મુખ્ય સુત્રધાર સબ્બીરહુશેન @ કડીવાળો સુબરાતીભાઇ જાતે મનસુરી ઉ.વ.૩૯ રહે-જોરાવરનગર નો ટેકરો, તળાવ ના કિનારે, દહેગામ, તા-જીલ્લા-ગાંધીનગર નાઓના સાગરીતો ક્રાઇમ બ્રાન્ચ ખાતે પકડાયેલા જે વખતે તેઓએ આચરેલ કબુલાત કરેલ તે ગુનામાં રાણીપ પો.સ્ટે. – ૦૧, નારણપુરા પો.સ્ટે.-૦૨, શહીબાગ પો.સ્ટે.-૦૩, એલીસબ્રીજ પો.સ્ટે.-૦૧, ધાટલોડીયા પો.સ્ટે.-૦૩, માધુપુરા પો.સ્ટે. -૦૨, વસ્ત્રાપુર પો.સ્ટે. ૦૧ નાઓ ગુનામાં વોન્ટેડ સબ્બીરહુશેન @ કડીવાળો સુબરાતીભાઇ જાતે મનસુરી નું નામ ખુલેલ, જે આરોપી ની નરોડા-દહેગામ સર્કલ રીંગ રોડ પાસે ધરપકડ કરેલ છે અને જે આરોપીને વધુ તપાસ સારૂ રાણીપ પો.સ્ટે. ખાતે સોપલે છે.

## રિક્ષા ચોર ની ધરપકડ કરતી અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ

ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર ના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે. શર્માં તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુકલ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના અધિકારી શ્રીઓને સુચના કરેલ તે અનુસંધાને મદદનીશ પોલીશ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી નાઓના માર્ગદશન અને સુપરવિઝન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.એસ. રઘુવંશી નાઓના સ્કોર્ડ અધિકારી શ્રી એ.એસ.આઇ. શ્રી ભરતસિંહ દોલતસિંહ તથા માણસો ગઇ તા- ૦૭/૧૧/૧૪ ના રોજ અમદાવાદ શહેર માં પેટ્રોલીંગ દરમિયાન બાતમી આધારે બહેરામપુરા મેલડીમાતાના મંદીર પાસેથી ગઇ મહોરમની કતલની રાત્રે કાગડાપીઠ વિસ્તારના ધંટાકર્ણ માર્કેટ ની સામે થી સી.એન.જી. ઓટો રિક્ષા નં. જી.જે.૦૧-બી.ઝેડ-૧૭૬૯ ની ચોરી કરી વેચાણ કરવા ફરતા આરોપીઓ ઇરફાન સ/ઓ મદારભાઇ જાતે સૈયદ ઉ.વ.૩૦ રહે-ધર નં. ૨૪/નુરનગર સોસાયટી, ગોલ્ડન સિનેમાની પાછળ, વટવા, અમદાવાદ, તથા ઉસ્માનગની @ જોન્ટી સ/ઓ નુરમહંમદ શેખ ઉ.વ.૨૩ રહે- મસ્જીદની ચાલી, નુરનગરમાં, ગોલ્ડન સિનેમા પાછળ, વટવા, અમદાવાદ. નાઓની રિક્ષા સાથે ધરપકડ કરી વધુ તપાસ સારૂ કાગડાપીઠ પોલીસને સોપેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.